# ગવારના ભાવમાં ૧૫ દિવસમાં જ એક હજાર જેટલો ભાવ ગગડતા જગતનો તાત ચિંતાતુર

મોડાસા, તા.૧૦
ગવારના મસમોટા ભાવ જોઈ ને જગતનો તાત આઆની સાથે જ બજાર માં એક હજાર રુપિયાનો કડાકો થતાં ખેડુતો ને રોવા નો વારો આવ્યો છે.



એવો ખેડુતો એ આ વર્ષે ગવાર નુ મોટુ વાવેતર કરવામાં આવયુ હતુ પરંતુ ગત વર્ષ જેવો ભાવ નરહેતા સાથે એક જ મહિનામાં કવિન્ટલે ૧૦૦૦ રૂપિયા જેટલો કડાકો થતા વેપારીઓ અને ખેડુતો ચિતાતુર બન્યા છે.

ઘર અને પશુઆહાર માં ઉપયોગ માં લેવાતો ગવાર વર્ષો થી ૨૫૦૦ થી ૩૦૦૦ રૂપિયા ના કવિન્ટલ ના ભાવે ખરીદાતો અને વેચાતો હતો પરંતુ ચાલુ વર્ષે આ ગવાર નો ભાવ ૫૨૦૦ રૂપીયાની આસપાસ પહોચી ગયો હતો જે ભાવ છેલ્લા એક મહિનામાં કવિનટલે ૧૦૦૦ રુપિયાનો કડાકો થતા વેપારીઓ અને ખેડુતો ચિતાતુર બન્યા છે. જયારે આ વર્ષે સારો એવો ભાવ જોઈ ને ખેડુતો ધ્વારા ગવાર નુ મોટાપાયે વાવેતર કરવામાં આવ્યુ હતુ અને જયારે બજાર માં નવો ગવાર

જયારે બે વર્ષ પહેલા આ જ ગવાર ના ભાવ ૨૭૦૦૦ રૂપીયા કરતાં પણ વધારે પહોચી ગયા હતા એટલેકે સરકાર કોઈપણ ભાવ વધે તેના પર નિર્યંત્રણ લાદે છે. અને નવા કાયદા બનાવે છે. જયારે આ જ ગવાર નો ભાવ હાલ તળીયે બેસી ગયો છે. જેના માટે સરકારે કોઈ પગલા લેવા જોઈએ તેવુ વેપારીઓનુ માનવુ છે. નહી તો વેપારીઓ અને ખેડુતો ને મોટુ નુકશાન સહન કરવાનો વારો આવશે તેવિ પરીસ્થીતી ઉભી થવા પામી છે. જયારે ભાવ ઘટવા પાછળ નુ કારણ ફોરેન માં ગવાર ની માંગ માં ઘટાડો થવાનુ કારણ ચર્ચાઈ રહયુ છે.

જો સરકાર ધ્વારા દરેક વસ્તુ માં નિયંત્રણ હોવુ જરૂરી છે. અને હોવુ જ જોઈએ પરંતુ આ નિયંત્રણ ઉતાર અને ચઢાવ બન્ને બાજુ નુ હોવુ જોઈએ.



મેઘરજ તાલુકાની હરિઓમ વિદ્યાલયમાં દશાબ્દી મહોત્સવ તથા એકાદશ સ્મૃતિગ્રંથનું વિમોચન કરાયું હતું. જેમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ, તાલુકા પ્રમુખ જ્યોતિકાબેન ડામોર, જિલ્લા શિક્ષણાધિકારી એ.પી. ઝાલા, કનુભાઈ તરાળ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાત રાજયના પ્રથમ રર્બન વિલેજ તરીકે અરવલ્લી જિલ્લાના

# ભીલોડાને ૧૮મીએ મુખ્યમંત્રીની હાજરીમાં વાઈફાઈ કરાશે

## ૫૦૦ કરોડ ઉપરાંતના કામોનુ લોકાર્પણ અને શુભારંભ મુખ્યમંત્રીના હસ્તે કરાશે

મોડાસા, તા.૧૦
તા.૧૮મીના રોજ રવિ કૃષિ મહોત્સવ અર્તગત ગુજરાત રાજયના પરીશદ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં તા.૧૮ મી ને રોજ મુખ્યમંત્રી કઈ કઈ યોજનાઓ નુ લોકાર્પણ અને



પ્રથમ મહિલા મુખ્યમંત્રી જયારે અરવલ્લી જિલલા માં પધારનાર છે ત્યારે તેમના આગમન ને લઈ ને અરવલ્લી જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ અને તેમની ટીમ ધ્વારા આ કાર્યક્રમ ને લઈ ને પુરજોશ માં તૈયારીઓ ચાલુ કરી દીધી છે ત્યારે કાર્યક્રમ ને અર્તગત આ જે અરવલ્લી જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર બી.જે.ભટ્ટ ધ્વારા એક પત્રકાર શુભઆરંભ કરશેતેની ઊડાણપુર્વકવિગતો પત્રકારોનેઆપવામાંઆવી હતી.

જેમાં રવિકૃષિ મહોત્સવ ના ૧૧ જેટલા લાભાર્થીઓ ને ચેક નુ વિતરણ કરવામાં આવશે મોડાસા શહેર માં ૫૦૦ જેટલા શોચાલયો નુ લોકાર્પણ કરવામાં આવશે જયારે અરવલ્લી જિલ્લા ના મોડાસા તાલુકા માં મધ્યાહન ભોજન યોજના અર્તગત દુધ સંજીવની યોજના ચાલુ કરવામાં આવશે જેમાં બાળક ને ૨૦૦ મી.લી. દુધ નુ ફલેવર પાઉચ આપવામાં આવશે જયારે રૂપિયા ૪૦૫.૬૯ કરોડ ની બનેલી નર્મદા પાઈપલાઈન નુ લોકાર્પણ મોડાસા શહેર માં ૩૦ કરોડ ની ભુર્ગભ ગટર યોજના નુ લોકાર્પણ મોડાસા તાલુકાના ૧૫ જેટલા ગામો ને વાઈફાઈ કરવામાં આવશે જયારે સાત જેટલી સાઈબર કીટલી નુ લોકાર્પણ ૬ તાલુકામાં ભારત નિર્માણ વોલન્ટીર્યસ ડીઝીટલ ઈન્ડીયા અર્તગત ડીઝીટલ લીટરસી તાલીમ વર્ગ જયારે ધનસુરા ખાતે ચંદનવન નીર્માણ જાહેરાત અને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન નુ ઉદઘાટન પણ કરવામાંઆવશે તેવુ અરવલ્લી જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ ધ્વારા એક પત્રકાર પરીષદ યોજી જણાવામાં આવ્યુ હતું.

### ગુજરાત રાજયનું પ્રથમ રર્બન વીલેજ વાઈફાઈ કરાશે

ગુજરાત રાજયના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ રવિ કૃષિ મહોત્સવ અર્તગત જયારે મોડાસાના મહેમાન બનનાર છે. ત્યારે અરવલ્લી જિલ્લાના ભિલોડાને ગુજરાત રાજયના પ્રથમ રર્બન વિલેજ તરીકે વાઈફાઈ કરવામાં આવશે. જેને લઈને અત્યારથી ભીલોડાવાસીઓમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે.

### મોડાસાવાસીઓને સરપ્રાઈઝ ગીફટ અપાશે

ગુજરાત રાજયના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ રવિકૃષિ મહોત્સવ અર્તગત જયારે મોડાસાના મહેમાન બનનાર છે ત્યારે અરવલ્લી જિલ્લા વડુ મથક એવુ મોડાસા શહેરને પણ ડીઝીટલ ભારત યોજના અર્તગત અરવલ્લી જીલ્લાના કલેકટર બી.જે.ભટ્ટના પ્રયાસો અને મહેનતથી સરપ્રાઈઝ ગીફટ રૂપે મોડાસા શહેરને પણ વાઈફાઈ કરવામાં આવશે.

### અરવલ્લી જિલ્લાના સ્માર્ટ સરપંચોનું સન્માન કરાશે

સાબરકાઠા જીલ્લાની આર્દશ પુસરી ગ્રામ પંચાયતની હાલ દેશભરમાં નોધ લેવાઈ રહી છે ત્યારે આ ગામ પરથી પ્રેરણા લઈને કેટલાક સરપંચો ધ્વારા પોતાની ગ્રામ પંચાયતને પુસરી જેવી બનાવાનો નિર્ધાર કરાયો છે અને કલેકટરને સામે ચાલીને રજુઆત પણ કરી છે ત્યારે મુખ્યમંત્રીની હાજરીમાં આવા સ્માર્ટ સરપંચોનુ સ્નમાન કરવામાં આવશે અને એક સ્માર્ટ ગ્રામ પંચાયતોના પુસ્તકનુ પણ વિમોચન કરવામાં આવશે. જયારે કલેકટર ધ્વાર સ્માટ વિશે ની ડેફીનેશન પણ સમજાવામાં આવી હતી.

# ઊંઝામાં સ્ટેમ્પના ધૂમ કાળા બજાર

## સ્ટેમ્પ વેન્ડરો ૨૦ રૂપિયાના સ્ટેમ્પની અછત ઉભી કરી સોગંદનામા કરવા આવતા લોકોને લુંટી રહ્યા છે

ઊંઝા, તા. ૧૦
આગામી માર્ચ મહિનામાં લેવાનાર ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષામાં એક્સ વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને ઊંઝા તાલુકામાં સોગંદનામુ કરવા માટે ૨૦ રૂપિયાનો સ્ટેમ્પ મેળવવામાં સોગંદનામાના લખાણ અને નોટરી કરાવવા માટે ઉંચી ફી ચૂકવવી પડતી હોવાની બૂમરાણ ઉઠી છે.

આગામી માર્ચમાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ લેવાનાર છે. ત્યારે ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના એક્સ વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને સોગંદનામુ કરવુ પડે છે. જેથી સોગંદનામા માટે મામલતદાર કચેરી અન નોટરીઓને ત્યાં વિદ્યાર્થીઓ જાય છે. ત્યારે કેટલાક સ્ટેમ્પ વેન્ડરો ૨૦ રૂપિયાના સ્ટેમ્પની કૃત્રિમ અછત ઉભી કરીને વિદ્યાર્થીઓને પરેશાન કરી રહ્યા છે. કહે છે કે, મામલતદાર કચેરી પાસે દુકાનોમાં બેસતા કેટલાક સ્ટેમ્પ વેન્ડરો પોતાની પાસેથી વિદ્યાર્થીઓ સોગંદનામુ લખાણ કરાવે તેમજ નોટરી કરાવે તેવો આગ્રહ રાખીને લખાણ પેટે ૧૦૦ રૂપિયા નોટરીની ફી ના ૧૦૦થી ૧૪૦ રૂપિયા વસુલે છે. તેવી બૂમરાણ ઉઠી છે. જો કે કેટલાક સેવાભાવી નોટરીઓ વિદ્યાર્થીઓ પાસેથી સાવ મામુલી ફી લેતા હોય છે.

બીજુ રીઢા બની ગયેલા કેટલાક સ્ટેમ્પ વેન્ડરો તેમને ફાળવાયેલ નિયત જગ્યાએ બેસીને સ્ટેમ્પ પેપરનું વેચાણ કરતા નથી અને પોતાની ઓફિસોમાં બેસીને કારોબાર ચલાવે છે. વધુમાં સ્ટેમ્પ વેન્ડરો દ્વારા જુદા જુદા લખાણ પેટે નાગરિકો પાસેથી આડેધડ ઉંચા દામ વસૂલાય છે. આમાં સરકારી નીતિ નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. તેમ છતાં મામલતદાર તરફથી કોઈ પગલાં ભરાતા નથી. સ્ટેમ્પ વેન્ડરો લખાણ અંગેના સરકારી ધારાધોરણ મુજબ નક્કી થયેલ ફી અંગેના બોર્ડ પણ લગાવતા નથી. કેટલાક સ્ટેમ્પ વેન્ડરો મામલતદાર કચેરી, સબરજીસ્ટ્રાર ઓફિસમાં નાગરિકોને લગતા કામકાજમાં વચેટીયા તરીકેની ભૂમિકા અદા કરીને ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપી રહ્યા હોવાનું ચર્ચાય છે. કેટલાક સ્ટેમ્પ વેન્ડરો લોકો પાસેથી ઉઘાડી સફેદ લૂંટ ચલાવીને આર્થિક રીતે તગડા બની ગયા છે તેવા આક્ષેપો પણ લોકોમાં થઈ રહ્યા છે.

# સાબરકાંઠામાં ૨ ૩મી ડિસેમ્બરે સ્વચ્છતા મહાભિયાન યોજાશે

## તમામ નાગરીકો સ્વચ્છતા મહાઅભિયાનમાં જોડાય : ક્લેક્ટર બંછાનિધિ પાની

હિંમતનગર, તા. ૧૦
મહાત્મા ગાંધી જન્મજયંતિથી આરંભાયેલા સ્વચ્છતા મહાભિયાનને વધુ વેગવંતો બનાવતા સાબરકાંઠા જિલ્લા કલેક્ટર બંછાનિધિ પાનીએ આગામી ૨૩ ડિસેમ્બરના રોજ સ્વચ્છતા મહાભિયાનનું આયોજન હાથ ધર્યુ છે. જેમાં તમામ નાગરીકોને જોડાવા અપીલ કરી છે.



કલેકટર કચેરીના સભાખંડ ખાતે શહેરના અગ્રણી, પદાધિકારીઓ તથા સહકારી સંસ્થાઓના અગ્રણીઓ સાથે યોજાયેલી બેઠકમાં કલેકટર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, દરેક નાગરીક પોતની અંગત જવાબદારી લઈ કોઈ એક વિસ્તારને સ્વચ્છ બનાવવાનો સંકલ્પ કરવો જોઈએ. ગ્રામ્ય વિસ્તારની દૂધ મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ, પંચાયત ઓફીસ, દવાખાનાથી લઈ તમામ શેરી મહેલ્લા અને ઘર ઘરની સફાઈ હાથ ધરવી જોઈએ

વધુમાં તેમણે આગામી ૨૩ ડીસેમ્બર ૨૦૧૪ના રોજ યોજાનાર સ્વચ્છતા મહાભિયાનમાં જિલ્લાકક્ષાના અધિકારીઓને આપવામાં આવેલા દત્તક ગામોમાં સફાઈ અભિયાનમાં સ્થાનિક પદાધિકારીઓ પણ જોડાય તેવી અગ્રણીઓને અપીલ કરી હતી.

કલેકટરે સ્વચ્છતા અભિયાનને વધુ વેગવતો બનાવવા માટે તમામ સહકારી સંસ્થાઓના પત્ર વ્યહવાર, સ્ટેમપ અને સાબર ડેરી ધ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના પેકેટ પર સ્વચ્છ સાબરકાંઠા સ્વસ્થ સાબરકાંઠોનો લોગો હોયતો લોકોમાં સ્વચ્છતાનો સંદેશો ઝડપથી પંહોચે તેમ જણાવ્યું હતું વધુમાં તેમણે આ મહાસફાઈ અભિયાનમાં મુખ્યમંત્રી સ્વચ્છતા નિધી નંબર ૫૦ ૧૦૦૦ ૭૨૭૨૯૭૧૮ પર યથા યોગ્ય દાન આપવા પણ વિનંતી કરી હતી.

આ મહાસફાઈ અભિયાનમાં સાબર ડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતિભાઈ પટેલ, સહકારી અગ્રણી પૃથ્વીરાજભાઈ પટેલ, હિંમતનગર નગરપાલિકા -મુખ શંકરભાઈ કહાર, સહિત જિલ્લા/તાલુકા પંચાયતના સદસ્યઓ અને સરપંચો મોટી સંખ્યામાં ઉપસથિત રહ્યા હતા.


# રેલ્લાવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં બદલીમાં ગયેલ ડૉક્ટરની સેવા લેવા જિલ્લા આરોગ્ય અધિકારીને રજૂઆત

મોડાસા, તા. ૧૦
મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર તરીકે મૌલિકભાઈની નિમણુંક થતાં તેઓએ વહેલી સવારથી આવીને આખો દિવસ ઓપીડી ચલાવીને જનતાની સારવાર કરવામાં જનતામાં સારો વિશ્વાસ પ્રાપ્ત કર્યોછે. અહીં ગરીબ જનતાને સારી દવાઓ આખો દિવસ કરવાથી લોકોમાં આનંદ પ્રસર્યો હતો. આજે શાળા ચકાસણીનો કાર્યક્રમ ચાલતો હોવાથી સારવાર આખો દિવસ મળતી નથી જેથી દર્દીઓ આવીને પાછા જાય છે. વળી અગાઉના ડૉક્ટરની સુંદર સેવા-નિયમિતતા અને મોડે સુધીની સારવાર કરવાની આગવી વિશિષ્ઠતા હોવાથી આવા ડૉક્ટરને ડેપ્યુટેશન ઉપર ટીંટોઈ પીએચસી ઉપર મુકેલ હોવાથી રેલ્લાવાડા આરોગ્ય કેન્દ્રમાં સેવા કથળી છે. જેથી રેલ્લાવાડા ખાતે નવુ પ્રા. આ. કેન્દ્ર ચાલુ થવાનુંહોવાથી સારા નિયમિત સેવા આપે તેવા ડૉક્ટરની જરૂરિયાત માટે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ફેન્સી સાહેબ સમક્ષ જિલ્લા સદસ્ય બલવંતસિંહ રાઠોડે પણ જોરદાર રજૂઆત કરી છે અને આ વિભાગના આગેવાનોએ પણ ડૉક્ટરની ફેર બદલી માટે સંમતિ આપી હોવાથી વહેલી તકી મૌલિકભાઈની ફેરબદલી રેલ્લાવાડા થાય તેવી તીવ્ર માગણી છે.



લક્ષ્મીપુરા ગામની સરહદનો વિસ્તાર વિજયનગર તાલુકાના આંતરસુબાની નજીકનો રમણીય, સોહામણો પોળોના નામથી પ્રખ્યાત બનેલો છે. જ્યાં શિવ ભોળાનાથનું પ્રાચિન સ્વયંભુ મંદિર શારણેશ્વર ભગવાનના નામથી સુપ્રસિદ્ધ છે. શિવ ભોળાનાથના આ મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યું હતું. ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



**સમર્થ બીએડ કોલેજના તાલીમાર્થીઓનો એક દિવસીય શૈક્ષણિક -વાસ યોજાયો**

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરની સાબરડેરી પાસે આવેલ સમર્થ ગ્રુપ ઓફ કોલેજીસ સંચાલિત બીએડ કોલેજના તાલીમાર્થીઓનો એક દિવસીય શૈક્ષણિક તાજેતરમાં યોજાયો હતો. જેમાં તાલીમાર્થીઓ અમદાવાદ, ગાંધીનગર સાયન્સ સીટી, ઈન્દ્રોડા પાર્ક, અક્ષરધામ અને વૈષ્ણોદેવી મંદિરની મુલાકાત લઈને સમગ્ર -વાસ દરમિયાન વિજ્ઞાન, અધ્યાત્મિક, -કૃતિ સાથે એક દિવસીય પળો ઉત્સાહભેર માણી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

# સમર્થ બીએડ કૉલેજ વિદ્યાર્થીઓએ હાજીપુર ગામની સફાઈ કરી

હિંમતનગર, તા. ૧૦
સાબરકાંઠા જીલ્લાના હિમતનગરની સાબરડેરી પાસે આવેલ સમર્થ ગ્રુપ ઓફ કોલેજીસ સંચાલિત બીએડ કોલેજ ના વિધાર્થીઓએ બુધવારે હિમતનગર ના હાજીપુર ગામ ની સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધર્યુ હતું.

આ અંગેની વિગત એવી છે કે ભારતના વડા -ધાન નરેન્દ્ર મોદીએ શરુ કરેલ સ્વચ્છતા અભિયાન અંતર્ગત ઠેર ઠેર આ અભિયાનમાં સમગ્ર દેશ ને જોડાવવાનું આહવાન કર્યું હતું જેને પગલે રાજયભરમાં જોર શોર થી ચાલી રહ્યું છે.ત્યારે યુવા વર્ગ પણ જોડાયો છે જેને લઈને બુધવારે હિમતનગર ની સમર્થ ગ્રુપ કોલેજીસ ના બીએડ કોલેજ ના વિધાર્થીઓએ આજે સવારે ગામમાં પહોચ્યા હતા સફાઈ અભિયાન હાથ ધર્યુ હતું જયાં તેમની સાથે ગામના તલાટી,સરપંચ અને તાલુકા વિકાસ અધિકારીએ સમગ્ર ગામમાં સાફ સફાઈ અભિયાન હાથ ધર્યુ હતું.સફાઈ પૂર્ણ થયા બાદ ગ્રામજનો સાથે કચરો યોગ્ય જગ્યાએ નાખવા માટેની વ્યવસ્થા કરી ને તેનો નિકાલ કરવા માટેનું માર્ગદર્શન વિધાર્થીઓએ ગ્રામજનો ને ઘરે ઘરે જઈને આપ્યું હતું.